
# 7. એક સમયનું જેસલમેર

**કેશવરામ કાશીરામ શાસ્ત્રી**
**જન્મ : ૨૮/૦૭/૧૯૦૫**



કેશવરામ કાશીરામ શાસ્ત્રીનો જન્મ જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં થયો હતો. તેઓએ ૧૯૨૨માં મેટ્રિક્યુલેશન મુંબઈ યુનિવર્સિટીમાંથી પાસ કરેલ. ત્યારબાદ તેમણે કાવ્ય, સંસ્કૃત, ભાષા અને વ્યાકરણનો અભ્યાસ કરેલો. તેમણે ઈ.સ. ૧૯૨૫માં માંગરોળની કોરોનેશન હાઈસ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક તરીકે વ્યવસાય શરૂ કરેલ હતો. ૧૯૩૬માં તેઓએ સહતંત્રી તરીકે પ્રજાબંધુ સાપ્તાહિકમાં કાર્ય કર્યું હતું. તેઓએ બી.ડી.હયુમન્સ કોલેજમાં સંસ્કૃત અને ગુજરાતીના અધ્યાપક તરીકે પણ કાર્ય કર્યું હતું. તેઓ વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાના એક નેતા હતા. તેઓએ ભારતીય સંસ્કારધામના કુલપતિ તરીકે પણ ફરજ બજાવેલી હતી. તેઓના માર્ગદર્શન હેઠળ ૧૯ જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ હતી. તેમણે ૨૪૦ થી વધારે પુસ્તકો અને ૧૫૦૦ થી વધારે સંશોધન પેપર ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં લખેલાં. તેઓને ૧૯૬૬માં અખિલ ભારતીય સંસ્કૃત સંમેલન તરફથી વિદ્યાવાચસ્પતિની અને ભારતી પરિષદ પ્રયાગ તરફથી 'મહા મહિમોપાધ્યાય' ની પદવી મળી હતી. ઈ.સ. ૧૯૭૬માં તેઓને ભારત સરકાર તરફથી પદ્મશ્રીના એવોર્ડથી નવાજવામાં આવેલ હતા.

લલિતનિબંધની જેમ પ્રવાસનિબંધ પણ અંગત નિબંધ હોય છે. પ્રવાસનિબંધને લલિતનિબંધનો પેટાપ્રકાર ગણી શકાય.

અંગતનિબંધ જ્યારે પ્રવાસનિબંધ રૂપે આવે ત્યારે લેખક પોતે કરેલા પ્રવાસને પોતાની નજરે રજૂ કરે છે. એમાં તેનાં અંગત નિરીક્ષણો, અનુભવો અને અભિપ્રાયો સાદી અથવા ક્યારેક શણગારાયેલી કાવ્યમય ભાષામાં રજૂ થાય છે.

એમાં પ્રવાસ કેન્દ્રમાં હોય છે એટલો જ લેખક કેન્દ્રમાં હોય છે. આ કારણે લેખક પોતે વાંચેલી કવિતાઓ, નવલકથાઓ, વાર્તાઓ, અન્ય લેખકોનાં આ જ પ્રવાસ વિશેનાં વર્ણનો વગેરે પણ યાદ આવે તે એમાં અવતરણો રૂપે રજૂ કરે. આ કારણે પોતે જેનાથી પરિચિત નથી એવો વાચક એ બધું વાંચતાં રોમાંચ પણ અનુભવે અથવા ક્યારેક કંટાળો પણ અનુભવે.

પ્રવાસનિબંધો ઘણીવાર માહિતીપ્રધાન નિબંધ પણ બની જતા હોય છે. સામાન્ય રીતે એવા માહિતીપ્રધાન પ્રવાસનિબંધોને સાહિત્યિક નિબંધો ગણવામાં આવતા નથી. આ જ કારણે વિદ્યાર્થીઓએ લખેલા નિબંધો માહિતીપ્રધાન નિબંધ બની જતાં સાહિત્યિક નિબંધ બનતા નથી.

ગુજરાતી સાહિત્યમાં શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રીમતી પ્રીતિ સેન ગુપ્તા પ્રવાસનિબંધો માટે જાણીતાં છે.

'એક સમયનું જેસલમેર' એ એક સંશોધક વિદ્વાનની કલમે લખાયેલો પ્રવાસનિબંધ છે. જેસલમેરમાં પૂરા પાંચ માસ સંશોધક તરીકે રહેલા લેખકે એ સમયના જેસલમેરનો ઐતિહાસિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને સાંપ્રત પરિચય આપ્યો છે.

નિબંધ વાંચતાં સમજાશે કે જેવી જેની દૃષ્ટિ તેવી તેની સૃષ્ટિ. એક સંશોધક વિદ્વાન એક નગરમાં શું શું અવલોકે છે અને કઈ રીતે તેને મૂલવે છે એ જાણવું રસપ્રદ અને બોધપ્રદ બની શકે. તમે પણ આવી નજરે તમારા નગરને અથવા તમારા ગામને અવલોકી શકો અને તેને વિશે લખી શકો. આ વરસે તમે પોતાના નગર માટેના પ્રેમની કવિતા પણ ભણ્યાં છો. એ કારણે તમારો નગરપ્રેમ પણ તમારા વર્ણનમાં રજૂ થઈ શકે.

---

ઘણાં વર્ષો પહેલાંના પ્રવાસની વાત છે. તા ૩૦-૧૧-૪૨ની વહેલી સવારે નીકળી સ્વ. મુનિશ્રી જિનવિજયજીની મંડળી સાથે જેસલમેરના ગ્રંથભંડારોની મુલાકાત લેવાને માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (પછીથી ગુજરાત વિદ્યાસભા) તરફથી જવાનો યોગ મળ્યો ત્યારે ૩૦-૪-૪૩ સુધીના પૂરા પાંચ માસ ત્યાં ગાળવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું.

જેસલમેર પ્રાચીન ઐતિહાસિક શહેર છે. રેતીમાં દટાયેલા શહેરને ખોદી કાઢવામાં આવે અને જેવો અવશેષાત્મક ખંડિયેરોનો દેખાવ હોય તેવો આ શહેરનો દેખાવ ઊંચા ભાગો ઉપરથી અનુભવાય છે. અર્ધાથી થોડેરો દક્ષિણ દિશા તરફનો ભાગ રેતીમાં દટાયેલો છે. રેતી દિન દિન વધતી આવે છે. રહેણીકરણી વગેરે પણ ૧૮ મી અને ૧૯ મી સદીના હિંદનો કાંઈક ખ્યાલ આપે એવી છે. તા. ૪ થી ડિસેમ્બરના દિવસે સૌથી પ્રથમ કિલ્લા ઉપરનાં મંદિરોનાં ભોંયરાં જોવા ગયા હતા. માર્ગમાં નીચે જ કેટલાય ઉપાશ્રય જોવામાં આવ્યા. ત્યાંના ઉપાશ્રયોની એક લાક્ષણિકતા એ છે કે દરેકના બારણા ઉપરના ભાગમાં પથ્થરનું તોરણ અને એની બંને બાજુ એક એક હાથી. આ નિશાનીથી એ ઉપાશ્રય છે એમ પહેલી જ નજરે જોઈ શકાય. આવા ઉપાશ્રયોને પ્રાયઃ એક જ બારણું હોય છે. બારણામાં પ્રવેશ કરતાં મકાનની ચારે દીવાલોએ ગૅલેરી હોય છે ને મધ્યમાં ખુલ્લો ચોક હોય છે. બરોબર સામી બાજુએ ગોખલો યા નાનું દેરાસર હોય છે, જ્યાં કોઈ પણ એક તીર્થંકરની મૂર્તિ હોય છે. ક્વચિત્ આવો ગોખલો કે મંદિર હોતું પણ નથી. જે ઉપાશ્રયમાં ઉપરના માળ હતા ત્યાં પ્રાયઃ સર્વત્ર પ્રવેશ કરતાં ડાબા હાથ ઉપર જ સીડી માલૂમ પડી છે, જે સીધી ન જતાં થોડાં પગથિયાં ચડી જમણા હાથે વળાંક લઈ ઉપર તરફ જાય. ઉપરના ભાગમાં કવચિત્ એક તો ક્વચિત્ બે ઓરડા હોય. પ્રાયઃ જે ઉપાશ્રયોમાં યતિઓ રહેતા ત્યાં આવી યોજના માલૂમ પડી. યતિઓનાં પગલાં નીચેના ભાગમાં દીવાલોમાં ગોખલા સામાન્ય જણાયા. લોદ્રવાજીમાંના ઉપાશ્રયોમાં પણ આ જ પ્રકાર જોયો.

સૂર્યપ્રોલથી આશરે ૩૦૦-૪૦૦ ફૂટ ચડતાં હવાપ્રોલ આવે છે, જે સ્થાને બારે માસ હવા આવ્યા જ કરે છે એવી રચના છે. રાજમહેલની બરોબર નીચે આ ભાગ આવ્યો છે. એની ઉપર જ રાજ્યનું નગારખાનું આવેલું છે. કિલ્લાની દીવાલ ગણેશપ્રોલથી જ છે. જેસલમેરનો કિલ્લો કાંઈક વિશિષ્ટ છે. હકીકતે શંકુ-આકારે આવેલા એક પહાડને ત્રણે બાજુથી બાંધી લેવામાં આવ્યો છે, જેનો આકાર માથા સહિત ગરદનના ખાંચા નીચે વધુ પાછળ પડતો વાંસો અને છાતીનો ત્રાંસ લેતો સીધો એવો લાગે.

એ પહાડની ઉપત્યકાનો અત્યારે ૨૫-૩૦ ફૂટનો બાંધો પથ્થરથી બાંધી એના ઉપર ઢાળ પડતી કાંકરી માટી વગેરે છે, જેની ઉપર ગોળ બુરજોવાળી કિલ્લાની દીવાલ આવેલી છે. આ દીવાલ ઉપર હરી ફરી શકાય એટલી જગ્યા છોડી એવી જ ગોળ બુરજોવાળી બીજી દીવાલ લેવામાં આવેલી છે. આ ઉપરના બુરજો કેટલીક વાર મકાનોના ભાગરૂપ જ હોય છે. દરેકમાં ગોખ હોય છે એ એની નિશાનીરૂપ છે.વચ્ચેના બુરજો તો પોલા અને સ્વતંત્ર હોય છે.

કિલ્લામાં લગભગ ૩૦૦૦ માણસ વસી શકે એટલી જ વ્યવસ્થા-મકાનો છે. રાજમહેલ ઉપરાંત દેરાસરો, લક્ષ્મીનારાયણનું મંદિર, આદિનારાયણનું મંદિર અને રાજ્યની અધિષ્ઠાત્રી દેવીનું સ્થાન આવેલાં છે. અગાઉ કિલ્લાઓ ઉપર ઉપાશ્રયો પણ હતા,આજે એક પણ નથી. વસ્તી કિલ્લા ઉપર મુખ્યત્વે પુષ્કરણા બ્રાહ્મણોની છે, બીજા રાજ-નોકરો પણ રહે છે. મુખ્ય કચેરીઓ ઘોડાર વગેરે રાજમહેલમાં જ છે. પૂર્વે ઓસવાળો અને મેશ્રીઓની પણ મોટી વસ્તી કિલ્લા ઉપર હતી, પણ હાલ નથી.

સૌથી પ્રથમ તો અમો દેરાસરમાં જ ગયેલા. ત્યાંના શ્રીપાર્શ્વનાથના મંદિરમાં પ્રવેશ કરતાં જ એક ભવ્ય તોરણ જોયું. ત્યાંથી પ્રવેશ કરી, મંદિર જોઈ બાજુના ચંદ્રપ્રભજીના મંદિર નીચેના જ્ઞાનભંડારના ભોંયરાની મુલાકાત લીધી હતી. આ મંદિરો તેમજ રાજમહેલનું નિરીક્ષણ તો અમે અમદાવાદ તરફ સોંઢ્યા એ અગાઉ તા. ૨૭ મી એપ્રિલે જ કર્યું. દેરાસરો જેસલમેરીય પથ્થરોથી બાંધવામાં આવેલાં છે અને ૫૦૦ વર્ષ જેટલાં તો પ્રાચીન છે જ. આ મંદિરોનું શિલ્પ આબુનાં મંદિરોની પદ્ધતિનું છે. બહુ મોટાં નહિ એવાં મંદિરસ્થાપત્યનો સારો નમૂનો આ પૂરો પાડે છે. શ્રી અષ્ટાપદજીનું મંદિર આ બધાંથી જૂદું તરી આવે છે. એની ફરતી દીવાલમાં અનેક મૂર્તિઓ છે. એઓમાંની નૃત્યની લગભગ ૧૨ જેટલી મૂર્તિ કલાનો ઉત્તમ નમૂનો છે. નાટ્યશાસ્ત્રને અનુસરી તૈયાર કરવામાં આવેલી આ મૂર્તિઓની સુરેખતા આશ્ચર્યમુગ્ધ કરે એવી છે. આ મંદિરનું શિખર વિશિષ્ટ પ્રકારનું છે. પર્વતના અનેક કૂટોનો દેખાવ આપતું આ શિખર એના શિલ્પથી ઓર દીપી ઊઠે છે.

કિલ્લામાં આવેલું શ્રીલક્ષ્મીનારાયણજીનું મંદિર રાજમંદિરના પશ્ચિમ ભાગમાં આવેલું છે. આ મંદિર જૂનું છે. મૂર્તિઓ પણ જૂની છે. બીજાં મંદિર નવાં છે.

રાજમહેલ જૂની પદ્ધતિના ઘર જેવો છે. ખંડમાં ખંડ, ખંડમાં ખંડ એવા પ્રકારનો છે. એમાં શિલ્પ-સ્થાપત્ય ગોખ-ઝરૂખા બારીઓમાં જેસલમેરીય કલાનો આછો ખ્યાલ આવે છે. પ્રાયઃ કેટલુંક કામ નવું છે. અખેસિંહ ગજસિંહ અને શાલિવાહનસિંહની બેઠકના ઓરડા વિશેષ આકર્ષક છે. બાજુમાં બે બારી જૈપુરી સ્થાપત્યકલાના નમૂના છે. ત્રણ ચાર મકાનોને એક કરી કરવામાં આવેલા આ રાજમહેલમાં સં. ૧૫૧૨ નો નવ લીટીનો નાનો એક શિલાલેખ જોવામાં આવ્યો, જે નીચે મુજબ છે :

(१) श्रीगणेशाय नमः ॥ (२) स्वस्त श्रीनृपविक्रमादित्य (३) संवत १५१२ वर्षे माघ मा (४) से शुक्ल पक्षे पंचम्यां ति (५) थौ महाराज राउल श्रीदे (६) वीदासजीविजयराज्ये (७) अमरकोट पाडे ने ईट आ (८) णी भीति करावी शुभं भव (९) तु कल्याणमस्तु ॥श्री॥

ભાષા જોવાથી જણાશે કે ગુજરાતી પ્રકારની છે.

આ મહેલમાં દક્ષિણ બાજુ આવેલો મોતીમહેલ બીજાં સ્થાપત્યોની સરખામણીએ કલાની દૃષ્ટિએ કાંઈક ઠીક છે.

('પથિક' - ૧૯૮૭ ના માર્ચના અંકમાંથી)

## ટિપ્પણ

**યોગ** - સમય, અવસર, તક **તાડપત્ર** - તાડનું પાન **પથિક** - રાહદાર, મુસાફરી, રસ્તે ચાલનાર **અવશેષાત્મક** - અવેશેષોવાળું **ઉપાશ્રય** - આશ્રયસ્થાન **ગૅલેરી** - છજું **ક્વચિત** - કદાચ, ક્યારેક **યતિ** - જૈન સાધુ, સંન્યાસી **પૂર્વાભિમુખ** - પૂર્વ દિશાના મોં વાળી **હાથીખાનું** - હાથીઓને રાખવાની જગ્યા **વાંસો** - બરડો, પીઠ **ઉપત્યકા** - તળેટીની નીચાણની જમીન **બાંધો** - બંધારણ, કાઠું **બુરજ** - કિલ્લાના મથાળા પર તોપ ગોઠવવા કાઢેલી અગાશી જેવી જગ્યા **સોંઢ્યા** - વળવું **જીર્ણોદ્ધાર**- જીર્ણ થયેલાને સમરાવવું તે **પ્રતિમા** - મૂર્તિ

## રૂઢિપ્રયોગ

**દીપી ઊઠવું** - શોભી ઊઠવું

**આશ્ચર્યમુગ્ધ થવું** - નવાઈ પામવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. જેસલમેરની રહેણીકરણી કઈ સદીના હિંદનો ખ્યાલ આપે છે ?
2. જેસલમેરના ઉપાશ્રયોની લાક્ષણિકતા જણાવો.
3. જેસલમેરના ઉપાશ્રયો કયા ઉપાશ્રય સમાન હતા ?
4. જેસલમેરના કિલ્લામાં કયાં ક્યાં મંદિરો આવેલાં છે ?
5. જેસલમેરમાં આવેલાં દેરાસરમાં કયું એક મંદિર આવેલું છે ?
6. જેસલમેરમાં આવેલાં કયાં બે મંદિરોનું સ્થાપત્ય ઉત્તમ છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તાર આપો.**

1. જેસલમેરનું પ્રાચીન ઔતિહાસિક મહત્ત્વ જણાવો.
2. જેસલમેરમાં આવેલાં કેટલાંક ઉપાશ્રયોની લાક્ષણિકતાઓ જણાવો.
3. જેસલમેર કિલ્લામાં ચારેય દિશાઓમાં આવેલી વિશિષ્ટતાઓ જણાવો.
4. સૂર્યપ્રોલથી ઊંચે આવેલ હવાપ્રોલની વિશિષ્ટતા જણાવો.
5. જેસલમેર કિલ્લાની અંદર આવેલ મકાનો અને મંદિરો વિશે ચર્ચા કરો.
6. લેખકે જેસલમેરમાં આવેલાં દેરાસરોની લીધેલ મુલાકાત વિશે જણાવો.
7. જેસલમેર કિલ્લાની ભૌતિક બાબતો જણાવી તેની ચર્ચા કરો.

**પ્રશ્ન 3. રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

1. દીપી ઊઠવું
2. આશ્ચર્યમુગ્ધ કરે તેવું

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દો લખો.**

ખંડિયેર, યતિ, સ્થાનક, પ્રતિમા, ઉપાશ્રય

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

પૂર્વાભિમુખ, વ્યવસ્થા, પ્રાચીન, આકર્ષક, વિશિષ્ટ

**પ્રશ્ન 6. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

અયતીણસિક, નીરીક્ષણ, નિશાની

**પ્રશ્ન 7. નીચેના સમાસ ઓળખાવો**

ગ્રંથભંડાર, વિદ્યાસભા, રાજમહેલ

**આટલું કરો**

1. ભારતના નકશામાં આવેલ રાજસ્થાન રાજ્યમાં જેસલમેર વિસ્તાર શોધો.
2. શાળા અથવા તો કુટુંબની વ્યક્તિઓ સાથે જેસલમેરની મુલાકાત લો.

•